ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



દિવ્ય અશ્વિન ત્રિવેદી
યુવા પ્રમુખ, અખિલ ભારતીય બ્રાહ્મણ વિકાસ પરિષદ
મો. ૯૭૩૭૭ ૧૧૧૯૧



બ્રિજેશ ઈશ્વરભાઈ નાયી
મો. ૯૭૧૪૧ ૭૧૮૩૦



જી પી પટેલ
સામાજિક કાર્યકર
મો. ૯૭૨૬૭ ૦૨૯૩૮

# સરકારી શાળાની વિદ્યાર્થિનીઓ ફૂટબોલ રમવા સ્વીડન જશે

ગાંધીનગર, તા. ૬

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગણેશ ભટ્ટીનો શાળાના શિક્ષકને સાહજિક રીતે પૂછેલો પ્રશ્ન ઘણું બધુ કહી જાય છે...અત્યાર સુધી ગામમાં કોઈના પણ ઘરે પાસપોર્ટ નહતો આવ્યો.. ત્યાં ટપાલમાં પ્રથમ વખત આવેલો પાસપોર્ટ જોઈને પોસ્ટમેનને પણ આશ્ચર્ય થયું.. તે સીધા પહોંચ્યા સરપંચના ઘરે... અને પાસપોર્ટ ધારકની ભાળ મેળવી.... ગણેશ ભટ્ટીની દીકરી કરીના થલતેજ પ્રાથમિક શાળામાં ભણતી હતી અને નવમાં ધોરણમાં આવતા તેણે શાળા બદલી છે. જેણે લકઝરી બસમાં પણ મુસાફરી નથી કરી તેવી ગરીબ દીકરી ફૂટબોલ રમવા સ્વીડન જશે... આવી એક નહી ૧૦ દીકરીઓ અને ૨ દીકરાઓ પણ સ્વીડન જશે.

વાત કંઈક આમ છે... થલતેજ અને જોધપુર પ્રાથમિક શાળાની ૧૦ દીકરીઓ અને ૨ દીકરાઓ આજે વિશ્વભારતી શાળામાં ભણે છે પરંતુ તેમનું ઘડતર અને ભણતર સરકારી શાળામાં જ થયું છે. વિદ્યાર્થિનિઓ રોશની નાયક, માયા રબારી, મહીયા ચૌહાણ, ખુશ્બુ સરોજ, સપના પાસી, અંજલિ સરોજ, સાક્ષી દંતાણી, સુનિતા રાવલ, અંજલિ રાણા, સોનલ પટેલ તથા વિદ્યાર્થિઓ દીપ પ્રજાપતિ અને મયુર દંતાણી આ વર્ષે એટલે કે ૧૦મી જુલાઈએ સ્વીડન ખાતે ફૂટબોલ મેચ રમવા જશે. આ ફૂટબોલ પ્લેયરોને એસ.કે.એફ. બેરિંગના ખર્ચે કહાની સ્પોટ્ર્સ દ્વારા તાલીમ અપાય છે. કહાની સ્પોટ્ર્સના ડો મનીષાબેન કહે છે કે, " વર્ષ ૨૦૧૫માં થલતેજ અને જોધપુર શાળામાંથી ૩૦ – ૩૦ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનિઓની પસંદગી કરવામાં આવી હતી. એ સમયે આ પ્લેયરોને સરખી રીતે દોડતા પણ નહોતું આવડતું. આ પ્લેયરોને તબક્કાવાર તાલીમ અપાઈ અને આજે તે પૈકી ૧૦ વિદ્યાર્થિનિઓ અને ૨ વિદ્યાર્થિઓની સ્વીડન ખાતે ફૂટબોલ મેચમાં પસંદગી કરાઈ છે..."

અત્રે ઉલ્લેખનીય છે કે, થલતેજ પ્રાથમિક શાળા નંબર ૧ ની અરુણા ચૌહાણ, જલ્પા પરમાર, સુનીતા રાવલ, કરીના ભટ્ટી, તથા જોધપુર પ્રાથમિક શાળા નંબર-૧ના ગોપાલ ઠાકુર અને રોહન સોલંકીએ વર્ષ ૨૦૧૬માં વિશ્વભરના ૩૦૦ વિધ્યાર્થિઓ સાથે સ્વીડનના ગટેનબર્ગમાં યોજાયેલી " ગોથિયા કપ ફૂટબોલ ટુર્નામેન્ટમાં" દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વીડન ખાતે યોજાયેલ વર્ષ ૨૦૧૬માં "મીટ ધ વર્લ્ડ" કપમાં રનર્સ અપ તરીકે સ્થાન પામ્યા હતા.

૧૦મી જુલાઈથી ૨૫મી જુલાઈ '૨૦૧૭ દરમ્યાન ગોથિયા કપમાં પણ સુનીતા રાવલ. ખુશ્બુ સરોજ, દિવ્યા ઠાકોર, અરુણા ચૌહાણ, તેમજ આર્યન સોલંકી, હાર્દિક મકવાણા, રાહુલ ગોહિલે ભાગ લીધો હતો. જેમાં અરુણા ચૌહાણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ બેસ્ટ પ્લેયરનો ખિતાબ જીતી હતી.



ગરીબીથી શરુ થયેલી યાત્રામાં આ વિદ્યાર્થિઓ-વિદ્યાર્થિનિઓએ નથી વિમાન જોયું કે નથી પ્રવાસ કર્યો લકઝરી બસમાં...પણ એક સાચા ગુરુના રૂપમાં મળ્યા છે શિક્ષક મહેશભાઈ ઠક્કર... મહેશભાઈ ઠક્કરે આ દીકરીઓ સ્વીડન જઈ શકે તે માટે તનતોડ મહેનત કરી... વેકેશનનો સમય તેમાં જ વ્યતીત કર્યો... ગરીબ પરિવારના બાળકો હોવાથી ક્યાંક ડોક્યુમેન્ટ ન હતા તો ક્યાંક અપૂરતા ડોક્યુમેન્ટ હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા કલેક્ટર વગેરેએ પોતપોતાના પ્રયાસો કર્યા અને આ બાળકોને વિઝા-પાસપોર્ટ બધુંય મળ્યું...

મહેશભાઈ ઠક્કર કહે છે કે "અમારી શાળા સરકારી શાળા છે પરંતુ આ દીકરીઓ પાછળ અમે કરેલી મહેનતના પગલે ખાનગી શાળાના બાળકોના વાલીઓ સરકારી શાળાના વાતાવરણથી પ્રેરિત થઈને અમારી શાળામાં તેમના બાળકોને મૂકવા લાગ્યા છે... આ એક મોટુ પરિવર્તન છે..."

આ તમામ બાળકોને જ્યારે સરકારી શાળામાં ધોરણ ૮ પાસ કરીને નવમાં ધોરણમાં પ્રવેશ મેળવવાનો હતો... જો બધા વિદ્યાર્થિઓ-વિદ્યાર્થિનિઓ અલગ અલગ થઈ જાય તો પ્રેક્ટિસથી માંડીને રમત, એમ બધા પર અસર પડે... શિક્ષક મહેશ ઠક્કર દ્વારા વેકેશનમાં એવો પ્રયાસ કરાયો કે બધાને એક સાથે એક જ શાળામાં પ્રવેશ મળે... તેમના કૌશલ્યથી પ્રભાવિત થઈને સરકારી શાળાની ગરીબ વિદ્યાર્થિનિઓને ખાનગી શાળાઓએ નવમા ધોરણમાં પ્રવેશ આપવા રીતસરની પડાપડી કરી... જો કે પ્રવેશ આપવા ખાનગી શાળાઓ તૈયાર જ હતી, પણ પોતાની શરતે... આખરે આ તમામ બાળકોએ વિશ્વ ભારતી શાળામાં એકસાથે પ્રવેશ મેળવ્યો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ યુવા અનસ્ટોપેબલના સહયોગથી થલતેજ અને જોધપુર પ્રાથમિક શાળાના એસ.કે.એફ. બેરીંગ કંપની સાથે કરાર કર્યા... આ કંપનીએ આ બધા બાળકોનો તમામ ખર્ચ ઉઠાવી તેમને સ્વીડન મોકલવાની તૈયારી બતાવી. તેમની તાલિમ, તેમના કપડા, કોચની વ્યવસ્થા અન્ય સુવિધાઓ બધું જ અપાયું.. આજે તમામ બાળકો તનતોડ તાલિમ મેળવે છે... ૧૦મી જુલાઈના રોજ આ બાળકો સ્વીડન ખાતે યોજાનાર ફૂટબોલ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહ્યાં છે.

## ભારતના પ્રેષિત સંત થોમાસનો તહેવાર રવિવારે નગરમાં ઉજવાશે



ગાંધીનગર, તા. ૬

ભારતમાં સૌ પ્રથમ ધર્મના પ્રચાર માટે પગ મૂકનાર ઈસુના બાર શિષ્યોમાંના એક શિષ્ય સંત થોમાસ હતા.

"સંત થોમાસ"નો તહેવાર ગાંધીનગર ખ્રિસ્તી સમુદાય દ્વારા તા. ૦૮/૦૭/૨૦૧૮ના રોજ રવિવારે સેકટર-૮ ચર્ચ ખાતે યોજવામાં આવશે. સાંજે ૪.૪૫ કલાકે ખ્રિસ્તયજ્ઞ અને અધાર્મિક સરઘસ ભક્તિમય વાતાવરણમાં નીકળશે. આ સરઘસ સૅક્ટર-૮ કેથલિક ચર્ચ તરફ પાછું ફરશે અને તેમાં પ્રાર્થના, ભક્તિગીતો અને બૅન્ડવાજાનો સમાવેશ કરવામાં આવશે. ગાંધીનગર વિવિધતામાં એકતા સાથે વિવિધ ધર્મની સંયુક્ત નગરી હોવાથી નગરજનોને સંત થોમાસની સ્મૃતિ યાત્રા નિહાળવાની એક તક મળશે.

ઉલ્લેખનીય છે કે પૉપ પૉલ (છઠ્ઠા) દ્વારા ૧૯૭૨માં સંત થોમાસને ભારતના પ્રેષિત સંત તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર ભારતમાં તેમનો આ તહેવાર દર વર્ષે જુલાઈની ત્રીજી તારીખે ઉજવવામાં આવે છે.

### કડી સર્વ વિશ્વવિદ્યાલ સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા

# ઍનઍસઍસ યુનિટનો ઓરિઍન્ટેશન કાર્યક્રમ યોજાયો





અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા નવા જોડાયેલા સ્વયંસેવકો માટે ઓરિઍન્ટેશન અને આવકાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી, પ્રૉ. સમીરભાઈ પંડ્યા અને ડૉ. ધર્મેન્દ્ર પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. રથવીએ વિદ્યાર્થીઓને ઍનઍસઍસ અનેર્તે અંતર્ગત વર્ષ દરમિયાન કરવાની થતી પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે ઍનઍસઍસના નવા વિદ્યાર્થીઓ માટે થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવીએ અને આભારવિધિ પ્રૉ. સમીરભાઈ પંડ્યાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સિનિયર સ્વયંસેવક જલ્પા રથવી, યુક્તિ પટેલ, નિરાલી પટેલ, મિત કોયાણી, ઋષિ બાવરવા, હાર્દિક ગજેરા, જયેન્દ્રસિંહ ઝાલા, જયદીપ દેસાઈ, મેહુલ સુથાર, પ્રદીપ ભાલાળા, ભાઈલાલ મકવાણા, અજય સિસોદીયા, મૌલિક પટેલ, નિખિલ ડોબરીયા, જાનકી પટેલ, નિકિતા પટેલ, અવની ભૂવા, ભક્તિ છોળુ, યુક્તા પટેલ, માધવી પટેલ, બંસી પટેલ, યુક્તિ પટેલ, છાયા ચાવડાએ ભારે જહેમત ઊઠાવી હતી.

## હવે બીએડ્ પાસ થયેલા પણ એકથી પાંચ ધોરણમાં અભ્યાસ કરાવી શકશે

ગાંધીનગર, તા. ૬

બીએડ્ થયા બાદ નોકરીની રાહ જોઈ રહેલા યુવક અને યુવતીઓ માટે આનંદના સમાચાર એ છે કે તેઓ પણ હવે આગામી દિવસોમાં આવી ડિગ્રી સાથે એકથી પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ કરાવી શકશે. આ અંગે રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ(એનસીઈટી)એ આ અંગે નવા નિયમની જાહેરાત કરી દીધી છે. જોકે આવી નોકરી મેળવનારા યુવક અને યુવતીઓને બે વર્ષમાં છ માસનો બ્રિજ કોર્ષ પૂરો કરવો પડશે. એનસીઈટી તરફથી પ્રકાશિત કરવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં ૫૦ ટકા ગુણ સાથે સ્નાતક અને બીએડ્ની ડિગ્રીને પણ માન્ય ગણવામા આવશે.જોકે શિક્ષક બની ગયા બાદ જે તે યુવક કે યુવતીઓએ બે વર્ષમાં છ માસનો બ્રિજ કોર્ષ પૂરો કરવો પડશે.જે ડિપ્લોમા ગણાશે.

કેટલાંક રાજ્યોની માગણીના આધારે બીએડ્ પાસ ઉમેદવારોની પ્રાથમિક શાળામાં શિક્ષકો તરીકે ભરતી કરવામાં આવી છે. જોકે આ માટે હાલ જે તે રાજ્યોએ કેન્દ્ર સરકારમાંથી ખાસ પરમિશન લેવી પડે છે તેને બદલે આગામી દિવસોમાં સામાન્ય રીતે આવી ભરતી કરી શકાશે.

લોકસભામાં એક સવાલના જવાબમાં માનવ સંશાધન વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારી પ્રાથમિક શાળામા ૯,૦૭,૫૮૫ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. તેમાંથી ૫૦ ટકા ખાલી જગ્યા માત્ર ચાર રાજ્ય બિહાર, યુપી, મધ્યપ્રદેશ અને ઝારખંડ તેમજ પશ્ચિમ બંગાળમાં જ છે. તેથી સરકારે આવી સમસ્યા હલ કરવા આ નવી જોગવાઈ કરી છે. ત્યારે બીએડ્ થયા બાદ નોકરીની રાહ જોઈ રહેલા યુવક અને યુવતીઓને પણ પ્રાથમિક શિક્ષક બનવાની તક મળી શકશે.

## એનએસયુઆઈ દ્વારા એમકોમની વધુ બેઠકોની માગણી વ્યક્ત કરાઈ



સરકારી વાણિજ્ય કૉલેજ સેક્ટર ૧૫ ગાંધીનગર ખાતે M.Comની બેઠકોની માંગણી કરવામાં આવી હતી. ઓનલાઈન પ્રકિયા પુર્ણ થયાં બાદ ઓફલાઈનમાં ફક્ત ૧૩ જેટલી બેઠકો બાકી રહી હતી તેની સામે ૨૦૦ વિદ્યાર્થીઓનાં ફોર્મ આવ્યાં હતાં. ઓફલાઈન પ્રક્રિયામાં ફક્ત ૧૩ જ બેઠકો બાકી હોવાથી ૧૮૭ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અધ્ધરતાલ થઈ રહ્યું હોવાથી એનએસયુઆઈ દ્વારા બેઠક વધારવા માટે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જીલ્લા એનએસયુઆઈ વિદ્યાર્થી નેતા નયન શ્રીમાળી, અજયસિંહ, કુલદીપસિંહ, વિજયસિંહ, ધવલસિંહ, રાજપાલસિંહ સહીત ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## કરાર આધારિત વ્યાખ્યાતાઓના પગાર વધારવા માગણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

રાજ્યની સરકારી કૉલેજોમાં ફરજ બજાવતા કરાર આધારિત વ્યાખ્યાતાઓના ફિક્સ પગારની રકમમાં વધારો કરવા માટે માગણી કરવામાં આવી છે.

સરકારી કૉલેજ ગુજરાત વ્યાખ્યાતા સહાયક મંડળ દ્વારા આ માગણી વ્યક્ત કરતાં જણાવવામાં આવ્યું છે કે રાજ્યમાં આવેલી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને શિક્ષણ શાખાની વિવિધ સરકારી કૉલેજોમાં ફરજ બજાવતા કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકો દ્વારા પગાર વધારા માટે રજૂઆત કરવામાં આવી છે. હાલ તેઓનો માસિક પગાર રૂપિયા પચીસ હજાર છે, જે વધારીને રૂપિયા ૪૦૧૭૬ કરવામાં આવે તેવી વિનંતી તેમના દ્વારા કરવામાં આવી છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૪-૪-૧૭ના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ અંતર્ગત ગ્રાન્ટ ઈન એઈડ અધ્યાપક સહાયકના પગાર માસિક રૂપિયા પચીસ હજારથી વધારી રૂપિયા ૪૦૧૭૬ કરવાનું જણાવવામાં આવ્યું છે. તે અનુસાર કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકનો પગાર હવે રૂપિયા ૪૦૧૭૬ કરવો જોઈએ એવી વિનંતી રાજ્યના વ્યાખ્યાતા સહાયકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

## ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના કોર્સ અંગે હાઈકૉર્ટમાં રિટ પિટીશન

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલતો સાયબર સિક્યોરિટી એન્ડ ઈન્સિડેન્ટ રિસ્પોન્સ કોર્સ સરકારી એન્જિનિયરિંગ અને ટેકનોલોજીની સંસ્થાઓમાં ટીચીંગ પોસ્ટ્સ (જોબ્સ) માટે માન્યતા નહીં ધરાવતો હોવાના મામલે હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન કરવામાં આવી છે. આ રિટની સુનાવણી દરમિયાન હાઈકોર્ટના જસ્ટિસ એસ.એચ. વોરાએ રાજ્ય સરકારને આદેશ કરી વિવાદીત કોર્સને સરકારી ઠરાવ (જીઆર) મુજબ માન્ય રાખવા અંગે વિદ્યાર્થીઓ દ્વારા ૧૪-૬-૨૦૧૬ના રોજ કરવામાં આવેલી વિસ્તૃત રજૂઆત પર તાત્કાલીક નિર્ણય લેવાનો મહત્ત્વનો આદેશ કર્યો છે. આ કેસની વધુ સુનાવણી ૧લી ઓગસ્ટના રોજ મુકરર કરવામાં આવી છે. અરજદાર સંદીપ મુંજ્યાસરાએ હાઈકોર્ટ સમક્ષ પાર્ટી ઈન પર્સન તરીકે રિટ કરી છે. જેમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે,'ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના સાયબર સિક્યોરિટી એન્ડ ઈન્સિડેન્ટ રિસ્પોન્સના એમ.ટેક.ના અભ્યાસક્રમને સરકારી ઠરાવ અંતર્ગત સરકારી એન્જિ. અને ટેકનોલોજીની કોલેજોમાં શિક્ષકો માટેની પોસ્ટ્સ માટે સામેલ જ કરવામાં આવ્યો નથી, તેથી જીટીયુ કે અન્ય સંસ્થાઓની ભરતીમાં આ કોર્સ કરનાર વિદ્યાર્થીઓ જોબ્સ મેળવી શકતા નથી.

# મારે સરકારી અધિકારી બનવું છે, શું કરવું જોઈએ ?

**કરિયર કોર્નર**
**કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ**
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, દેહગમ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. ૧૨ કોમર્સ પછી મને હોટેલ મેનેજમેંટનો કોર્સ કરવામાં રસ છે. તેના વિષે માહિતી આપવા વિનંતી.**

**- શુભમ પરમાર**



હોટેલ મેનેજમેંટમાં મુખ્યત્વે ચાર ભાગ હોય છે – ફ્રંટ ઓફિસ , સેલ્સ , ફૂડ એન્ડ બેવરેજ (કૂકિંગ લગતું) અને હાઉસ કિપિંગ (રખરખાવ). હોટેલ મેનેજમેંટનો કોર્સ કોઈ પ્રતિષ્ઠિત કોલેજમાંથી કર્યા પછી સારા વિકલ્પ મળતા હોય છે. સારી હોટેલ્સ, ફૂડ ચેન (જેમ કે મેક ડોનલ્ડ્સ), રેસ્ટોરન્ટ અને રીટેલ ચેન (જેમ કે રિલાયંસ માર્ટ) વિગેરેમાં તમને જોબ મળી શકે છે. હોટેલ મેનેજમેંટ કરાવતી ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેમ કે આઈ.એચ.એમ., સિમબાયોસિસ, વિગેરે માટે પ્રવેશ પરીક્ષા આપવી પડતી હોય છે. પ્રવેશ પરીક્ષામાં ૧૦માં ધોરણ સુધી ભણેલું ગણિત, અંગ્રેજી અને તાર્કિક (રીઝનિંગ) પૂછાતું હોય છે. તદુપરાંત સામાન્ય જ્ઞાન (જીકે) અને સર્વિસ એપ્ટિટ્યૂડ પણ પૂછાય છે. પ્રવેશ પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ વિદ્યાર્થી નો ઈન્ટરવ્યૂ અથવા ગ્રુપ ડિસ્કશન લેવાતું હોય છે. એન.સી.એચ.એમ.સી.ટી નામક પરીક્ષા દ્વારા ભારતની પ્રતિષ્ઠિત એવી આઈ.એચ.એમ.માં પ્રવેશ મળી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા સ્પોન્સોર્ડ એવી ૨૧ આઈ.એચ.એમ. છે. બીજી એક પ્રતિષ્ઠિત સંસ્થા જ્યાં હું તમારું ધ્યાન દોરીશ તે છે આઈ.એચ.એમ. ઔરંગાબાદ. અહિયાં ભણવા માટે આ સંસ્થાની પોતાની પ્રવેશ પરીક્ષા આપવી પડતી હોય છે. આમ હોટેલ મેનેજમેંટ કર્યા પછી તમને સારા વિકલ્પ મળી શકશે. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૨. હું અત્યારે એક પ્રાઇવેટ કંપનીમાં ઍંજીનિયર તરીકે ફરજ બજાવી રહ્યો છું. મારે મારા કરિયરમાં આગળ વધવું છે. મને કેન્દ્ર સરકારની નોકરી અથવા એમ.બી.એ. કરવું છે. મે બે વર્ષ નોકરી કરી છે. હવે નોકરી છોડીને આગળના કરિયર પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છું. શું તે હિતાવહ છે?**

**- બિપુલ ભટ્ટાચાર્ય**


બિપુલ તમારી પોતાના કરિયર વિષેની જાગૃતિ જોઈને ખૂબ સારું લાગ્યું. ૨ વર્ષનો અનુભવ ઓછો ના કેહવાય. આપ ઍંજીનિયર તરીકે ની ફરજ ૨ વર્ષ બજાવી ચૂક્યા છો જે તમને આગળ જતાં ખૂબ મદદરૂપ થશે. રહી વાત નોકરી છોડવાની, તેના વિષે એમ કહીશું કે નોકરીમાંથી ટાઈમ કાઢી જો તમે વાંચી શકતા હોવ તો બહુ સારું. જોબ સાથે તમે તૈયારી કરી શકો છો. જો તમે દિવસના ૨-૩ કલાક કાઢીને તમારી પરીક્ષા માટેની તૈયારી કરી શકો તો તમારે જોબ છોડવાની જરૂર નથી. તમે જે વિકલ્પ વિચારી રહ્યા છો તેના માટે તમારે મેહનત કરવી પડશે. પણ ચોક્કસ દિશામાં અને સાચા માર્ગદર્શન હેઠળ તમે મેહનત કરશો તો તમને પરિણામ જરૂર મળશે. પણ એક વસ્તુ જરૂર કહીશ, કે જો તમારી પ્રાઈવેટ જોબમાં તમે જો સમય ન કાઢી શકતા હોવ, તો તમે તમારી જોબ છોડી પણ શકો છો. બસ જોબ છોડતા પેહલા એટલું વિચારી લેજો કે તમે મેહનત કરવા અને પરીક્ષા પાસ કરવા માટે કેટલા મક્કમ છો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.



**૩. હું એક ગુજરાતી માધ્યમમાં શિક્ષિત વિદ્યાર્થી છું. બી.કોમ નો અભ્યાસ કર્યા પછી હવે મારે યુ.પી.એસ.સી અથવા સ્ટાફ સિલેક્શન કમિશન (એસ.એસ.સી) જેવી પરીક્ષા આપવી છે અને એક ઉચ્ચ કક્ષાના સરકારી અફસર બનવું છે. શું એ શક્ય છે? કેટલા કલાકની મેહનત જોઈએ ?**

**- પ્રશાંત પરમાર**

પ્રશાંત આપનો ઈરાદો ખૂબજ શ્રેષ્ઠ છે. આપ ચોક્કસ ઉચ્ચકક્ષાના સરકારી અફસર બની શકો છો. તમે જણાવેલી પરીક્ષાઓથી તમે તમારું ધ્યેય ચોક્કસ પ્રાપ્ત કરી શકો છો. તમે કોઈ પણ માધ્યમના વિદ્યાર્થી હોવ, પણ એક વસ્તુ ખુબજ જરૂરી છે અને તે છે 'મેહનત'. તમે મેહનત કરો અને ધ્યેય પ્રાપ્ત કરો. યુપીએસસી અથવા એસએસસી ની પરીક્ષા પાસ કરવા માટે સખત મેહનતની જરૂર છે. તેની સાથે-સાથે તમારું મનોબળ પણ ખૂબ મજબૂત હોવું જોઈયે. કેટલા કલાકની મેહનત જોઈએ એ પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ નથી. કોઈ દિવસમાં ૫ કલાક વાંચે તો કોઈ ૧૫. મહત્વની બાબત એ છે કે તમે એક પ્લાન સાથે તૈયારી કરો. તમારા આખા દિવસનો , અઠવાડીયાનો અને મહિનાનો ધ્યેય નક્કી કરો. કેટલું વાંચશો અને કેવી રીતે વાંચશો. અને પછી જ્યાં સુધી નક્કી કરેલ ધ્યેય પૂરો ના થાય ત્યાં સુધી મંડ્યા રહો. કોઈ પણ વસ્તુ જે તમને તમારા માર્ગ પર થી વિચલિત કરે છે તેવા અડચણોને દૂર કરો. કરંટ અફેર્સ (કરંટ જી.કે.) રોજ વાંચો અને તેની નોટ્સ બનાવો. પ્લાનિંગ સાથે એના અમલીકરણ પર પણ ધ્યાન આપો. તમે તમારા ધ્યેયને ચોક્કસ પ્રાપ્ત કરશો. વધુ માહિતી માટે ઈમેલ અથવા વ્હાટ્સએપ કરી શકો છો. શુભકામનાઓ.



આપના કરિયર ને લગતી મૂંઝવણો અને પ્રશ્નો What's aap કે Email ધ્વારા પૂછી શકો છો.

ઈmail ID- questions.careercroner@gmail.com

(M) ૮૮ ૪૯ ૨૨ ૧૬ ૫૩,

નોંધ - તમારા પ્રશ્નો સાથે તમારુ નામ,ઉંમર, અભ્યાસ, ઈmail-ID અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.